11/07/2022

# સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા 'SMVS' દ્વારા

# ગુરુપૂર્ણિમા-2022 નિમિતે પાર્કિંગ અંગેની સુધારેલી નવી સૂચનાઓ

1. ગુરુપૂર્ણિમા ઉત્સવમાં લાભ લેનાર વર્ગ મોટા પ્રમાણમાં રહેશે તો વાસણા મંદિર ખાતે સ્થળ સંકોચ તથા પાર્કિંગ ની વ્યવસ્થામાં કોઈ અડચણ ઉભી ના થાય તે કારણોસર જો શક્ય હોય તો અમદાવાદ, ગાંધીનગર તથા નજીકના વિસ્તાર માંથી આવતા હરિભક્તોએ પબ્લિક ટ્રાન્સપોર્ટ નો ઉપયોગ કરીને પૂનમનો લાભ લેવા આવવું. ન છૂટકે જરૂર પડે તો જ પોતાનું વાહન લઈને આવવાનો આગ્રહ રાખવો.

2. ગુરુપર્ણિમા નિમિતે જે મુકતો ફોર વ્હીલર અથવા ટુ વ્હીલર લઈને આવતા હોય તેમણે ગાડીની સીટો ખાલી રાખવી નહિ, ઘરના મુકતો અથવા મિત્રોને ખાસ લાવવાનો આગ્રહ રાખવો.

3. ગુરુપૂર્ણિમાએ શ્રીજી બાપા કોમ્પ્લેક્ષ થી ડિવાઈન લાઈફ સ્કૂલ સુધીના રોડ ઉપર નો-પાર્કિંગ ઝોન હોવાથી કોઈ પણ વાહન પાર્ક કરવા નહિ કે તે રોડ ઉપર વાહન લઈને પસાર થવાનો આગ્રહ ન રાખવો.

4. નો- પાર્કિંગ ઝોન તથા મંદિરની આજુબાજુ ના રોડ ઉપર જો કોઈ હરિભકતે વાહન પાર્ક કર્યા હશે તો તે વાહન ની જવાબદારી સંસ્થાની રહેશે નહી. નો-પાર્કિંગ ઝોન માં પાર્ક કરેલ વાહનને આર.ટી.ઓ.ની ટોઈંગ વાન લઇ જશે કે કોઈ વાહનને નુકશાન થશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહી. જેથી નક્કી કરેલ પાર્કિંગ સ્થળ ઉપર જ વાહન પાર્ક કરવા.

5. ગુરુપૂર્ણિમાના દિવસે સ્વયં સેવક જે મુજબ સૂચન કરે તેને મહારાજ ની આજ્ઞા સમજી તેઓને સાથ-સહકાર આપવો જેથી પાર્કિંગ અને ટ્રાફિક વ્યવસ્થા સચવાય અને કોઈને અડચણ રૂપ ન બનીએ જેથી આપણી સંસ્થાનું સારૂ શોભે.

6. ગુરુ પૂર્ણિમાએ પાર્કિંગ સ્થળ થી મંદિર સુધી અને મંદિરથી પાર્કિંગ સ્થળ ઉપર લઈ જવા અને આવવા માટેની વ્યવસ્થા રાખેલ છે. જેથી દરેક હરિભક્તોએ વાહન સંસ્થાએ નક્કી કરેલ વાહન પાર્કિંગ સ્થળ પર જ પાર્ક કરવા.

7. ગુરુ પૂર્ણિમા ઉત્સવમાં લાભ લેનાર વર્ગ મોટો હોવાથી ટ્રાફિક-સલામતી સચવાય તે હેતુ થી કોઈ હરિભક્તોએ મંદિરની સામે તથા શ્રીજી બાપા એપાર્ટમેંટ થી ડિવાઇન લાઇફ સ્કૂલ સુધી ભેગા થઇ ઉભા રહેવાનો આગ્રહ ન રાખવો.

11/07/2022

## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા 'SMVS' દ્વારા

# ગુરુપૂર્ણિમા-2022 નિમિતે પાર્કિંગ અંગેની સુધારેલી નવી સૂચનાઓ

8. ગુરુ પૂર્ણિમા ઉત્સવે આપના વાહન પાર્કિંગ ની વ્યવસ્થા નીચે જણાવેલ સ્થળ મુજબ કરેલ છે.

પાર્કિંગ નં : 1 - ટુ વ્હીલર અને ફોર વ્હીલર
સ્થળ : યોગેશ્વરનગર સોસાયટી કોમન પ્લોટ(અંજલી ચાર રસ્તાથી ધરણીધર રોડ ઉપર)

પાર્કિંગ નં : 2 - ફક્ત ફોર વ્હીલર
સ્થળ : પ્રાપ્તિ એપાર્ટમેન્ટ (સુરજ પાર્ટી પ્લોટ)

પાર્કિંગ નં : 3 - ફોર વ્હીલર ( ફકત પૂ. સંતો અને પૂ. મહિલા મૂકતોના વાહનો )
સ્થળ : સજની પાર્ટી પ્લોટ – વાસણા બેરેજ રોડ

# સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા 'SMVS' દ્વારા

# ગુરુપૂર્ણિમા-2022 નિમિતે પાર્કિંગ અંગેની સુધારેલી નવી સૂચનાઓ

9. આપના સાથ-સહકારથી મહારાજ, બાપા, પ.પૂ. બાપજી, પ.પૂ.સ્વામીશ્રી ખૂબ જ રાજી થશે અને આપણી સંસ્થાનું સારું દેખાય તે માટે દરેક સ્વંયસેવકમાં મહારાજના દર્શન કરીને તેમની સૂચનાઓનો અમલ કરજો.

10. દરેક સ્વયંસેવકો અહિયાં સેવા જ કરે છે એમનું માનવું એ આપની મોટપનું દર્શન કરાવે છે. તો આપને નમ્ર વિનંતી કે કોઈ સ્વયંસેવક દ્વારા ભૂલથી અવિવેકભર્યું વર્તન થઈ જાય તો તેમાં મહારાજ ના દર્શન કરીને જતુ કરવાની ભાવના રાખશોજી.

11. પાર્કિંગ સ્થળોએથી દરેક હરિભક્તો ને મંદિરે લઈ જવા અને આવવાની વ્યવસ્થા મંદિરના નક્કી કરેલ વાહનો દ્વારા કરેલ છે.

12. ગુરુપુર્ણિમાં ઉત્સવમાં આપને જે કોઈ સેવા મળેલ હોય તે મોડે સુધી ચાલુ રહેવાની હોય તો આપના વાહન મોડામાં મોડા બપોરે ૨.૩૦ સુધી માં આપના વાહન સ્થળ ઉપરથી લઈ જવાના રહેશે. બપોરે ૨.૩૦ પછી વાહન ની જવાબદારી સંસ્થાની કે કોઈ સ્વયંસેવકની રહેશે નહીં.